# રમણ ડેવલપમેન્ટ કન્સલ્ટન્ટસ પ્રા. લિ. આયોજિત

## આર.જી.પી.એસ.એ. અંતર્ગત
## વિકાસ કમિશ્નર કચેરીના સહયોગથી

## પંચાયતી રાજના પદાધિકારીઓ તથા અધિકારીઓની તાલીમ



# તાલીમકારોની તાલીમ (TOT) રીપોર્ટ

## તા. ૧૨ થી ૧૬ ડીસેમ્બર, ૨૦૧૩

Raman Development
Consultants Private Limited

૧૦૧, અક્ષત બિલ્ડીંગ, મીઠાખળી છ રસ્તા
નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯
ફોન નં. ૦૭૯ – ૪૦૦૫૦૭૧૧

## ૧. પ્રસ્તાવના

રાજીવ ગાંધી પંચાયત સશકિતકરણ અભિયાન અંતર્ગત તેમ જ વિકાસ કમિશ્નર કચેરી, ગુજરાત સરકારના સહયોગથી સુરત જિલ્લામાં યોજાનાર પંચાયતના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓની તાલીમ માટે 'રમણ ડેવલપમેન્ટ કન્સલ્ટન્ટસ પ્રા. લિ., અમદાવાદ' (રમણા ગૃપ) દ્વારા તાલીમના ભાગરૂપે પોતાના તાલીમકારોને પંચાયતના વિવિધ વિષયો તેમ જ તાલીમમાં સમાવાયેલ મુદ્દાઓની સમજ માટે અમદાવાદ ખાતે ૨૦ જેટલા તાલીમકારો માટેની તાલીમનું એક આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસીય આ 'તાલીમકારોની તાલીમ' કાર્યક્રમ તા. ૧૨ થી ૧૬ ડીસેમ્બર, ૨૦૧૩ દરમિયાન યોજવામાં આવ્યો હતો.

પ્રસ્તૂત તાલીમ કાર્યક્રમમાં વિકાસ કમિશ્નર કચેરી દ્વારા પૂરો પડાયેલ તાલીમ કાર્યક્રમને ધ્યાનમાં રાખીને વિવિધ વિષયો મુજબ દિવસ પ્રમાણે એજન્ડા તૈયાર કરવામાં આવ્યો હતો. જે અનુસંધાને પ્રત્યેક વિષય માટે એક વિષય નિષ્ણાંત પસંદ કરીને તાલીમમાં બોલાવવામાં આવ્યા હતા. તેઓએ પોતાના અનુભવ અને જ્ઞાન તાલીમાર્થીઓ સમક્ષ રજૂ કરીને તાલીમના વિષયોથી અસરકારક રીતે માહિતગાર કર્યા હતા.

આ રીપોર્ટ તાલીમ કાર્યક્રમનો સારાંશ દર્શાવે છે.

## ૨. તાલીમનો હેતુ

તાલીમકારોને પંચાયતી રાજ વિશેના વિવિધ વિષયોની માહિતી મળી રહે તેમ જ તાલીમ કરવા અંગેની પણ તાલીમ મળી રહે અને તેથી કરીને સમગ્ર તાલીમ તાલીમાર્થીઓ સાથેની સહભાગીતાયુકત બની રહે તેવા હેતુથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ૩. તાલીમકારોની પસંદગીની પ્રક્રિયા

ઉપરોકત કામગીરીની શરૂઆત કરતા પહેલા રમણા ગૃપ દ્વારા સુરત જિલ્લામાં તાલીમ કામગીરી પૂરી પાડવા સ્થાનિક તાલીમકારો અને નિષ્ણાંતો પસંદ કરવાનો અભિગમ રાખી 'ગુજરાત સમાચાર' દૈનિક વર્તમાન પત્રમાં દક્ષિણ ગુજરાતની તમામ આવૃતિઓમાં 'ટ્રેઈનર જોઈએ છે' હેતુની જાહેર ખબર પ્રસિદ્ધ કરાવી તાલીમકારો શોધવાનો પ્રયાસ કર્યો હતો. તે અનુસંધાને કુલ ૨૦૦ થી વધું ઉમેદવારોની અરજી આવેલ હતી. જે તમામ માટે 'જાહેર ઈન્ટરવ્યૂ' સુરત શહેર ખાતે જ તા. ૧૯ ડીસેમ્બરના રોજ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦૦થી વધું ઉમેદવારો ઉપસ્થિત રહયાં હતા. જેમાંથી તમામના દસ્તાવેજો અને રૂબરૂ મુકાલાત આધારે ચકાસણી કરી લાયકાત, તાલીમનો અનુભવ અને સ્થાનિકપણાના માપદંડ રાખી કુલ ૨૦ થી વધું ઉમેદવારો પસંદ કરવામાં આવ્યા હતા.

જે તમામને અમદાવાદ રમણા ગૃપની મુખ્ય ઓફિસ ખાતેના 'ટ્રેનીગ હોલ'માં પાંચ દિવસની ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવી હતી.

## ૪. તાલીમના વિષયોની પસંદગી અને TOT માટેનો સમયગાળો

'વિકાસ કમિશ્નર કચેરી' ગાંધીનગર દ્વારા તાલીમ માટે પાંચ દિવસનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જે અનુસંધાને તેમાં ખૂટતા તથા જરૂરી વિષયો 'રમણા ગૃપ'ના વિષય નિષ્ણાંતો દ્વારા ઉમેરીને TOT માટેનો કાર્યક્રમ (એજન્ડા) તૈયાર કરવામાં આવ્યો હતો. સ્થળ ઉપરની તાલીમ પણ પાંચ દિવસની હોઈ, તે સમયગાળાનો તાલીમાર્થીઓને અહેસાસ થાય તેવા હેતુથી TOT પણ પાંચ દિવસની રાખવામાં આવી હતી.

વિષયોની પસંદગીનો આધાર વિકાસ કમિશ્નર કચેરીએ પૂરો પાડેલ કાર્યક્રમ જ હતો. તેમ છતાં તે તમામ વિષયોને સમાવ્યા ઉપરાંત જરૂરી વિષયો અંગેની પણ માહિતી તાલીમાર્થીઓને મળી રહે તે મુજબ દિવસમાં મોડે સુધી TOT શરૂ રાખવામાં આવતી હતી.

TOT દરમિયાન સુરત જિલ્લામાં સ્થળ ઉપર પંચાયતોના પદાધિકારીઓ/અધિકારીઓને અપાનાર તાલીમનાં વિષયો મુજબની તાલીમ TOT માં પ્રથમ ત્રણ દિવસ આપવામાં આવી હતી. એ બાદ, ચોથા દિવસે તમામ તાલીમાર્થીઓ (તાલીમકારો) પોતે જ પોતે TOT માંથી જે ગ્રહણ કર્યુ હોય તેની રજૂઆત તાલીમકાર તરીકે જ કરે એ માટે દિવસભર પ્રેકટીસ કરાવવાનું ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રેકટીસનું મૂલ્યાંકન કરવા બે વિષય નિષ્ણાંતોની સાથે 'રમણા ગૃપ'નો સ્ટાફ પણ હાજર રહેલ હતો. જેથી મૂલ્યાંકનમાં તમામ પાસાઓનો અભ્યાસ થઈ શકે.

એ બાદ TOT નો છેલ્લો એટલે કે પાંચમો દિવસ તાલીમકારો અને અન્ય ઉમેદવારોને પોત–પોતાની ભૂમિકા અને જવાબદારી જણાવવા માટેનો નકકી કરવામાં આવ્યો હતો.

આમ, પાંચ દિવસમાં તાલીમને લગતા, પ્રોજેકટને લગતા તમામ પાસાઓનો સમાવેશ કરીને તાલીમકારોને માહિતીસભર અને જવાબદારીસભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## ૫. TOT દરમિયાનની વિવિધ વ્યવસ્થાઓ

આ TOT ગુણવતાસભર બની રહે અને તાલીમ વિજ્ઞાનને લગતા તમામ પાસાઓનો સમાવેશ થઈ જાય એ માટે 'રમણા ગૃપ' દ્વારા નીચે મુજબની બાબતો અને પ્રક્રિયાઓનું ઘ્યાન રાખવામાં આવ્યું હતું.

***તાલીમનું સ્થળ :*** 'રમણા ગૃપ' દ્વારા ઈન્ટરવ્યૂમાંથી પસંદ કરાયેલ ૨૦ ઉમેદવારો (તાલીમકારો)ની TOT માટે વ્યાજબી જગ્યા અને સુવિધા ધરાવતું તાલીમ સ્થળ પસંદ કરવામાં આવ્યું હતું. આ હોલ બહું મોટો નહી તેમ બહું નાનો નહી એવો ૨૦–૨૫ માણસોની ક્ષમતા ધરાવે છે. જેમાં એસી, નાની–મોટી લાઈટ, પ્રેઝેન્ટેશન માટેની સ્ક્રીન અને વ્હાઈટ બોર્ડ, નોટીસ બોર્ડ, નજીકમાં જ વોશરૂમ વગેરેની સુવિધા સામેલ છે. બેઠક વ્યવસ્થા પણ કોન્ફરન્સ ટેબલ સાથેની અને ફલેકસીબલ રાખવામાં આવી હતી. આમ, તાલીમનું સ્થળ તાલીમ માટે યોગ્ય બની રહે એવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

***રહેવા, ભોજન અને ચા–પાણી નાસ્તાની વ્યવસ્થા :*** તમામ તાલીમાર્થીઓ માટે 'રમણા ગૃપ' દ્વારા તાલીમ સ્થળની નજીક જ રહેવા માટેની હોટેલ વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેમાં સવારનો નાસ્તો અને ચા હોટેલમાં જ પૂરા પાડવામાં આવતા હતા. ઉપરાંત તાલીમ દરમિયાન દર બે–ત્રણ કલાકે ચા સાથે નાસ્તો આપવામાં આવતો હતો. ઉપરાંત બપોરના ભોજન માટે તાલીમ સ્થળે જ વ્યવસ્થા કરવામાં આવતી હતી. રાત્રીના ભોજન માટે દરેક તાલીમાર્થીઓની પસંદગી જાણી વ્યવસ્થા કરવામાં આવતી હતી.

***રજિસ્ટ્રેશન પ્રક્રિયા :*** તાલીમાર્થીઓની રોજરોજ તાલીમમાં હાજરી માટે નોંધણી કરવામાં આવતી હતી. એક જ પત્રકમાં દિવસ મુજબ દરેકના નામોની સામે દરેકે પોતાની હાજરી સહી રૂપે નોંધવામાં આવતી હતી.

***પોસ્ટ ટેસ્ટ :*** તાલીમના પહેલા દિવસે જે માહિતી રજૂ કરવામાં આવતી તે તમામ વિષયોમાંથી અગત્યના મુદ્દાઓની પસંદગી કરી તેમાંથી સવાલો બનાવી બીજા દિવસની સવારે ટ્રેનીગ શરૂ થયા પહેલા દરેકની પાસે લેખિત ટેસ્ટ લેવામાં આવતી હતી. આ પ્રશ્નપત્રમાં એક માર્કનો એક એમ વધુંમાં વધું ૧૩ થી ૧૫ સવાલો જ પૂછવામાં આવતા હતા. મોટાં ભાગના સવાલો વાસ્તવિક માહિતીથી ભરવા પડે એવા પસંદ કરવામાં આવતા હતા. સમગ્ર ટ્રેનીગમા ત્રણ દિવસ સતત આ પ્રશ્નતત્રથી પરિક્ષા લેવામાં આવી હતી. જે પ્રશ્નપત્રોની ચકાસણી કરી તાલીમનાં છેલ્લા દિવસે તેનું પરિણામ પણ કુલ માર્કસમાંથી મેળવેલાં માર્કસની વ્યકિતગત રીતે જાહેરાત પણ કરવામાં આવી હતી. (જે પરિણામની વિગત આ સાથે બિડાણ–૧માં સામેલ છે.)

***રીસેસ અને બ્રેક :*** દરરોજ દિવસ દરમિયાન બે ટી–બ્રેક, એક ભોજન બ્રેક અને બે બાયોલોજિકલ બ્રેક એમ મળીને કુલ ૫ વિરામનું આયોજન રાખવામાં આવતું હતું.

***ટ્રેનીગ સંયોજક :*** તમામ પાંચ દિવસ દરમિયાન ટ્રેનીગમાં બે ટ્રેનીગ સંયોજક રાખવામાં આવેલ હતા. જે તાલીમમાં સતત હાજર રહીને તાલીમાર્થીઓ તેમ જ તાલીમાકારની જરૂરિયાત મુજબ વ્યવસ્થા કરવામાં તેમ જ તાલીમકાર અને તાલીમાર્થીઓ વચ્ચે સેતુ બનવામાં વગેરે મદદગાર તરીકે કામગીરી બજાવતા હતાં.

***ફીડબેક વ્યવસ્થા :*** તાલીમના અંતે ઉપરોકત તમામ બાબતો અંગે તાલીમાર્થીઓનો પ્રતિભાવ જાણવાના હેતુથી ફીડબેક પ્રશ્નોતરી રાખવામાં આવી હતી. લેખિત ફોર્મમાં વિવિધ બાબતો અંગે તાલીમાર્થીઓના મંતવ્યો લેવામાં આવ્યા હતા. જેમાં તમામ તાલીમાર્થીઓએ ખુલ્લા મનથી પ્રતિભાવ વર્ણવ્યા હતા.

***સર્ટીફિકેટ વિતરણ :*** પાંચ દિવસના અંતે તમામ હાજર તાલીમાર્થીઓને તાલીમમાં ભાગ લીધા બદલનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

## ૬. હાજર તાલીમાર્થીઓની વિગત :

ઉપરોક્ત TOT માં નીચે મુજબ તાલીમાર્થીઓ હાજર રહયાં હતા.

| ક્રમ | તાલીમાર્થીનું નામ | શૈક્ષણિક લાયકાત | દિવસ ૧ | દિવસ ૨ | દિવસ ૩ | દિવસ ૪ | દિવસ ૫ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કિરણકુમાર બી. બારિયા | | √ | √ | √ | √ | √ |
| ૨ | રમેશ જે. પરમાર | | √ | √ | √ | √ | √ |
| ૩ | પ્રદિપ કે. પટેલ | | √ | √ | √ | √ | √ |
| ૪ | નિતિન એમ. રાઠોડ | | √ | √ | √ | √ | √ |
| ૫ | જહાનવી પી. દવે | | √ | √ | √ | √ | √ |
| ૬ | હિતેશ એમ. મિસ્ત્રી | | √ | √ | √ | √ | √ |
| ૭ | પરેશ એચ. ગોઠડિયા | | √ | √ | √ | √ | √ |
| ૮ | રમેશ એલ. પટોળિયા | | √ | √ | √ | √ | √ |
| ૯ | હરસુખલાલ એચ. પાણખાણિયા | | √ | √ | ટ્રેનીગ પૂર્ણ કરેલ નથી. | | |
| ૧૦ | દિલીપ એસ. વસાવા | | √ | √ | √ | ગેર હાજર* | √ |
| ૧૧ | રાજેશ પાડવી | | √ | √ | √ | √ | √ |
| ૧૨ | નિતિશ સાઢ | | √ | √ | √ | √ | √ |
| ૧૩ | શિશિર ડી. સંત | | √ | √ | √ | √ | √ |
| ૧૪ | પરેશ ઓડ | | √ | √ | √ | √ | √ |
| ૧૫ | રુક્ષમણીબેન સી. ચૌધરી | | √ | √ | √ | √ | √ |
| ૧૬ | સિતાબેન એમ. ચૌધરી | | √ | √ | √ | √ | √ |
| ૧૭ | કેતન આર. પટેલ | | √ | √ | √ | √ | √ |
| ૧૮ | ઈન્દુબેન ડી. વસાવા | | √ | √ | √ | √ | √ |
| ૧૯ | સંદીપભાઈ | | √ | ટ્રેનીગ છોડી દીધેલ છે. | | | |

* બિમાર હોવાથી

### ૬.૧. તાલીમાર્થીઓનું વર્ગીકરણ

| કુલ હાજર તાલીમાર્થી | માસ્ટર ડીગ્રી | ગ્રેજયુએટ | સુરત જિલ્લાના રહેવાસી | મહિલાઓ | પાંચ દિન હાજર રહેનાર |
|---|---|---|---|---|---|
| ૧૯ | ૧૫ | ૪ | ૧૩ | ૪ | ૧૭ |

## ૭. TOT કાર્યક્રમની રૂપરેખા

| દિવસ – ૧ (તા.૧૨–૧૨–૨૦૧૩) (ગુરૂવાર) | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **ટ્રેનિંગનો વિષય** | **ટ્રેનિંગનો વિષય** | **રિસોર્સ પર્સન** |
| ૧ | ૧૧:૦૦ થી ૧૧:૩૦ | **રીફ્રેશમેન્ટ, સ્વાગત અને પરિચય** | | **શેફાલીબેન રસકપુરવાલા**<br>**અજયભાઈ કાનાણી**<br>(રમણા ગૃપ) |
| ૨ | ૧૧:૩૦ થી ૧૨:૦૦ | **રમણા ગૃપ વિશેનો પરિચય** | | **ડો. કેતનભાઈ ગાંધી**<br>(સી.ઈ.ઓ. રમણા ગૃપ) |
| ૩ | ૧૨:૦૦ થી ૧:૦૦ | પ્રોજેકટ પરિચય | ટ્રેનિંગ પ્રોજેકટ વિશે સંપૂર્ણ જાણકારી | |
| **લંચ બ્રેક – ૧:૦૦ થી ૧:૪૫** | | | | |
| ૪ | ૧:૪૫ થી ૨:૧૫ | શાસન અને વિકાસ | વિકેન્દ્રીકરણ, પારદર્શિતા, ઉત્તરદાયિત્વ, સહભાગિતા, કાયદાનું શાસન, માનવ અધિકારો | **શ્રી હેમંતભાઈ શાહ**<br>(પ્રાધ્યાપક – એચ.કે.આર્ટસ કોલેજ, અમદાવાદ) |
| ૫ | ૨:૧૫ થી ૩:૧૫ | પંચાયતી રાજનો પરિચય | પંચાયતી રાજનો ખ્યાલ, ઈતિહાસ, અર્થ, મહત્વ, ૭૩મો બંધારણીય સુધારો | |
| ૬ | ૩:૨૫ થી ૪:૧૫ | પંચાયતના કાર્યો અને ફરજો | ભૂમિકા, કાર્યો, સતાની સોંપણી, ફરજો | |
| **રીફ્રેશમેન્ટ બ્રેક – ૪:૧૫ થી ૪:૩૦** | | | | |
| ૭ | ૪:૩૦ થી ૫:૧૫ | ગ્રામ સભા | રચના અને કાર્યો, મહત્વ | **શ્રી કે. જી. ભટ્ટ**<br>(નિવૃત – ચીટનીશ, વિકાસ કમિશ્નર કચેરી, ગાંધીનગર) |
| ૮ | ૫:૧૫ થી ૬:૧૫ | ગ્રામ પંચાયતની વહીવટી વ્યવસ્થા | બેઠક, ઠરાવો, સભ્યોના અધિકારો અને કાર્યો | |

<table>
<tr><th colspan="5">દિવસ – ૨ (તા.૧૩–૧૨–૨૦૧૩) (શુક્રવાર)</th></tr>
<tr><th>ક્રમ</th><th>સમયગાળો</th><th>ટ્રેનિંગનો વિષય</th><th>ટ્રેનિંગનો વિષય</th><th>રિસોર્સ પર્સન</th></tr>
<tr><td>૧</td><td>૯:૩૦ થી ૧૦:૦૦</td><td colspan="2">રીફ્રેશમેન્ટ તથા આગલા દિવસની ટ્રેનિંગ વિશેનો ટેસ્ટ</td><td></td></tr>
<tr><td>૨</td><td>૧૦:૦૦ થી ૧૦:૪૫</td><td>ગ્રામ પંચાયતની તમામ સમિતિઓ અને તેના કાર્યો અને ભૂમિકા</td><td>કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, પાણી સમિતિ, આરોગ્ય સમિતિ, ગ્રાહક સુરક્ષા સમિતિ</td><td rowspan="2">શ્રી બિપીનચંદ્ર વૈષ્ણવ<br>(નિવૃત આઈ.એ.એસ.)</td></tr>
<tr><td>૩</td><td>૧૦:૪૫ થી ૧૧:૩૦</td><td>સરપંચ અને ઉપસરપંચની ભૂમિકા</td><td>કાર્યો, ફરજો, સતાઓ</td></tr>
<tr><td colspan="5">બાયોલોજિકલ બ્રેક – ૧૧:૩૦ થી ૧૧:૪૦</td></tr>
<tr><td>૪</td><td>૧૧:૪૦ થી ૧૨:૩૦</td><td>પંચાયતના સભ્યોની ભૂમિકા</td><td>લાયકાત, કાર્યો અને ફરજો</td><td>શ્રી બિપીનચંદ્ર વૈષ્ણવ<br>(નિવૃત આઈ.એ.એસ.)</td></tr>
<tr><td colspan="5">લંચ બ્રેક – ૧૨:૩૦ થી ૧:૧૫</td></tr>
<tr><td>૫</td><td>૧:૧૫ થી ૨:૧૫</td><td>આર.જી.પી.એસ.એ.</td><td>વિગતવાર માહિતી</td><td rowspan="3">શ્રી જદુવિરસિંહ ગોહિલ<br>(આસિ.કમિશ્નર, વિકાસ કમિશ્નર કચેરી, ગાંધીનગર)<br>શ્રી મેઘનાબેન પરીખ<br>(ચીટનીશ, તાલીમ)</td></tr>
<tr><td>૬</td><td>૨:૧૫ થી ૨:૪૫</td><td>ટ્રેનિંગમાં આવતાં પડકારો અને અનુભવો</td><td>વિગતવાર સમજૂતિ</td></tr>
<tr><td>૭</td><td>૨:૪૫ થી ૩:૦૦</td><td>આ પ્રોજેકટ માટે રાજય સરકારશ્રીની અપેક્ષાઓ</td><td>વિગતવાર સમજૂતિ</td></tr>
<tr><td colspan="5">રીફ્રેશમેન્ટ બાયોલોજિકલ બ્રેક – ૩:૦૦ થી ૩:૧૦</td></tr>
<tr><td>૮</td><td>૩:૧૦ થી ૩:૪૦</td><td>કેન્દ્ર સરકારની યોજનાઓ અને પંચાયતો</td><td>વિગતવાર માહિતી</td><td rowspan="2">શ્રી સૈયદ સાહેબ<br>(નિવૃત ચીટનીશ, વિકાસ કમિશ્નર કચેરી, ગાંધીનગર)</td></tr>
<tr><td>૯</td><td>૩:૪૦ થી ૪:૧૦</td><td>રાજય સરકારની યોજનાઓ અને પંચાયતો</td><td>વિગતવાર માહિતી</td></tr>
<tr><td colspan="5">બાયોલોજિકલ બ્રેક – ૪:૧૦ થી ૪:૨૦</td></tr>
<tr><td>૧૦</td><td>૪:૨૦ થી ૪:૫૦</td><td>ગ્રામ પંચાયતનું બજેટ</td><td>વિગતવાર સમજૂતિ</td><td rowspan="5">શ્રી કે.જી.ભટ્ટ<br>(નિવૃત – ચીટનીશ, વિકાસ કમિશ્નર કચેરી, ગાંધીનગર)</td></tr>
<tr><td>૧૧</td><td>૪:૫૦ થી ૫:૨૦</td><td>ગ્રામ પંચાયતની આવકના સાધનો</td><td>વિગતવાર સમજૂતિ</td></tr>
<tr><td>૧૨</td><td>૫:૨૦ થી ૫:૫૦</td><td>ગ્રાન્ટ અને નાણાપંચ</td><td>વિગતવાર સમજૂતિ</td></tr>
<tr><td>૧૩</td><td>૫:૫૦ થી ૬:૩૦</td><td>ગ્રામ પંચાયતની હિસાબી વ્યવસ્થા, ઓડિટ</td><td>વિગતવાર સમજૂતિ</td></tr>
<tr><td>૧૪</td><td>૬:૩૦ થી ૭:૦૦</td><td>વાર્ષિક વહીવટી અહેવાલ</td><td>વિગતવાર સમજૂતિ</td></tr>
</table>

| દિવસ – ૩ (તા.૧૪–૧૨–૨૦૧૩) (શનિવાર) | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **ટ્રેનિંગનો વિષય** | **ટ્રેનિંગનો વિષય** | **રીસોર્સ પર્સન** |
| **૧** | ૯:૩૦ થી ૧૦:૧૦ | રીફ્રેશમેન્ટ તથા આગલા દિવસની ટ્રેનિંગ અંગેની ટેસ્ટ | | |
| **૨** | ૧૦:૧૦ થી ૧૧:૧૦ | એમ.જી.એન.આર.ઈ.જી.એસ. | યોજનાની સંપૂર્ણ સમજૂતિ | **શ્રી કે.જી.ગોર**<br>(નિવૃત – તાલુકા વિકાસ અધિકારી) |
| **૩** | ૧૧:૧૦ થી ૧૧:૪૦ | સોશિયલ ઓડિટ | | |
| **૪** | ૧૧:૪૦ થી ૧૨:૨૦ | માહિતી અધિકારનો કાયદો | યોજનાની સંપૂર્ણ સમજૂતિ | |
| **બાયોલોજિકલ બ્રેક – ૧૨:૨૦ થી ૧૨:૩૦** | | | | |
| **૫** | ૧૨:૩૦ થી ૧:૩૦ | તાલુકા અને જિલ્લા પંચાયત | રચના, સભ્યો, વ્યવસ્થા અને કાર્યો | **શ્રી કે.જી.ગોર**<br>(નિવૃત – તાલુકા વિકાસ અધિકારી) |
| **૬** | ૧૨:૩૦ થી ૧:૦૦ | મહિલાઓ અને પંચાયતી રાજ | | **શ્રી હિમાંશુભાઈ બેંકર**<br>(વિકલ્પ – એન.જી.ઓ.) |
| **લંચ બ્રેક – ૧:૩૦ થી ૨:૧૫** | | | | |
| **૭** | ૨:૧૫ થી ૩:૧૫ | આદિવાસી વિસ્તારોમાં પંચાયત અને પેસા | | **શ્રી હિમાંશુભાઈ બેંકર**<br>(વિકલ્પ – એન.જી.ઓ.) |
| **બાયોલોજિકલ બ્રેક – ૩:૧૫ થી ૩:૩૦** | | | | |
| **૮** | ૩:૩૦ થી ૬:૩૦ | ટ્રેનિંગ મેથડોલોજી | | **શ્રી તેજસભાઈ ઠાકર**<br>આચાર્ય – પંચાયતી રાજ ટ્રેનિંગ સેન્ટર, સાદરા, જિ. ગાંધીનગર |

| દિવસ – ૪ (તા.૧૫–૧૨–૨૦૧૩) (રવિવાર) | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **ટ્રેનિંગનો વિષય** | **ટ્રેનિંગનો વિષય** | **રીસોર્સ પર્સન** |
| **૧** | ૯:૩૦ થી ૧૦:૧૦ | રીફ્રેશમેન્ટ | | |
| **૨** | ૧૦:૧૦ થી ૬:૩૦ | તમામ ટ્રેઈનર્સ દ્વારા ટ્રેનિંગ પર્ફોર્મન્સ | | **શ્રી રાજેન્દ્રભાઈ જાની**<br>**શ્રી કેતનભાઈ ગાંધી**<br>**શ્રી ચેતનભાઈ સાધુ**<br>**શ્રી અજયભાઈ કાનાણી**<br>(રમણા ગૃપ) |

| દિવસ – ૫ (તા.૧૬–૧૨–૨૦૧૩) (સોમવાર) | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **સમયગાળો** | **ટ્રેનિંગનો વિષય** | **ટ્રેનિંગનો વિષય** | **રીસોર્સ પર્સન** |
| ૧ | ૯:૩૦ થી ૧૦:૦૦ | **રીફ્રેશમેન્ટ** | | |
| ૨ | ૧૦:૦૦ થી ૧૦:૩૦ | ઈ–ગ્રામ | | **શ્રી ચેતનભાઈ સાધુ (રમણા ગૃપ)** |
| ૩ | ૧૦:૩૦ થી ૧૧:૦૦ | સૂક્ષ્મ સ્તરિય આયોજન | | |
| ૪ | ૧૧:૦૦ થી ૧૨:૦૦ | પ્રત્યેક ટીમ મેમ્બરની ભૂમિકા | • રમણાગૃપ<br>• ટીમ લીડર<br>• ડીસ્ટ્રીકટ કો–ઓર્ડિનેટર<br>• કલ્સ્ટર કો–ઓર્ડિનેટર<br>• ટ્રેઈનર્સ<br>• તાલુકા/જિલ્લા પંચાયત | **શ્રી કેતનભાઈ ગાંધી**<br>**શ્રી ચેતનભાઈ સાધુ** |
| ૫ | ૧૨:૦૦ થી ૧૨:૩૦ | દરેકે ટીમ મેમ્બરે દિવસનું આયોજન કેવી રીતે કરવું ? | | **શ્રી કેતનભાઈ ગાંધી**<br>**શ્રી ચેતનભાઈ સાધુ** |
| **બાયોલોજિકલ બ્રેક – ૧૨:૩૦ થી ૧૨:૪૦** | | | | |
| ૬ | ૧૨:૪૦ થી ૧:૧૦ | ટ્રેનિંગ આયોજનમાં ઉદભવતા સામાન્ય પ્રશ્નો અને તેના ઉકેલો | | **શ્રી કેતનભાઈ ગાંધી**<br>**શ્રી ચેતનભાઈ સાધુ** |
| **લંચ બ્રેક – ૧:૧૦ થી ૨:૦૦** | | | | |
| ૭ | ૨:૦૦ થી ૨:૪૫ | સિસ્ટમ આયોજન | કેશ મેનેજમેન્ટ, રિપોર્ટસ અને રિપોર્ટિંગ, રેકોર્ડ મેનેજમેન્ટ, લોજિસ્ટીકસ, એસેટ મેનેજમેન્ટ વગેરે | **શ્રી કેતનભાઈ ગાંધી**<br>**શ્રી ચેતનભાઈ સાધુ** |
| ૮ | ૨:૪૫ થી ૩:૧૫ | પ્રશ્નોતરી | વિષયો બાબતના પ્રશ્નો | **શ્રી કે. જી. ગોર**<br>(નિવૃત – તાલુકા વિકાસ અધિકારી) |
| ૯ | ૩:૧૫ થી ૩:૪૫ | સર્ટીફિકેટ તથા ટ્રેનિંગ માટેની કીટનું વિતરણ | | **રમણા ગૃપ** |

## ૮. વિગતવાર/વિષયવાર ટ્રેનીંગ કાર્યક્રમ

પાંચ દિવસીય તાલીમમાં દિવસવાર/વિષયવાર થયેલ ટ્રેનીગની કાર્યવાહી નોંધ નીચે મુજબ છે.

### દિવસ – ૧

પાંચ દિવસીય ટ્રેનીગ કાર્યક્રમમાં સૌ પ્રથમ દિવસે તમામ તાલીમાર્થીઓ પોતાના સ્થળ, હોટેલથી આવતા હોઈ સવારે ૧૧ કલાકે ટ્રેનીગ શરૂ કરવામાં આવી હતી. સૌ પ્રથમ રમણા ગૃપ વતી ટ્રેનીગ સંયોજક શેફાલીબેન રસકપૂરવાલા તથા અજયકુમાર કાનાણી દ્વારા તમામનું સ્વાગત કરી સૌનો વ્યકિતગત પરિચય લેવામાં આવ્યો હતો. એ સાથે જ રમણા ગૃપના સી.ઈ.ઓ. ડો. કેતનભાઈ ગાંધીએ રમણા ગૃપ વિશે વિગતરવાર પરિચય આપ્યો હતો. અને સંસ્થાની કામગીરીથી સૌને વાકેફ કર્યા હતા. તેમ જ સુરત જિલ્લામાં યોજનાર ટ્રેનીગ કાર્યક્રમ અંગે પણ વિગતે જાણકારી આપી હતી.

**: વિષય નિષ્ણાંત :**
**હેમંતભાઈ શાહ**

*હેમંતભાઈ શાહ, અમદાવાદ એચ.કે.આર્ટસ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી રહયાં છે. તેઓ પોતાની કારકીર્દી દરમિયાન એક દશકા ઉપરાંત અંગ્રેજી, ગુજરાતી અખબારો, સામયિકોમાં પત્રકાર રહી ચૂકયાં છે. એ દરમિયાન તેઓએ બે હજારથી વધું લેખો લખ્યા છે. તેઓ હાલ, સ્પીપા ખાતે તાલીમ બાબતોમાં સક્રીયપણે કામગીરી કરી રહયાં છે. તેઓએ ૫૫થી વધું પુસ્તકો પણ લખ્યા છે. ગુજરાતમાં પંચાયતી રાજ અંગે તેઓ અગ્રણી નિષ્ણાંત છે.*



લંચ બાદ, ટ્રેનીગનું સૌથી પહેલું ટેકનીકલ સેશન એટલે કે, 'શાસન અને વિકાસ' વિષય અંગે એચ.કે. આર્ટસ કોલેજ, અમદાવાદના પ્રાધ્યાપક શ્રી હેમંતકુમાર શાહ દ્વારા પ્રસ્તૂત વિષયમાં વિગતવાર સમજૂતિ આપી હતી. તેઓએ પોતાના સેશન દરમિયાન શાસન અને વિકાસ વચ્ચેનો સંબંધ જણાવી વિકેન્દ્રીકરણ, પારદર્શિતા, ઉત્તરદાયિત્વ, સહભાગિતા, કાયદાનું શાસન, માનવ અધિકારો વગેરે વિશે ઉદાહરણ સહિત માહિતી આપી પંચાયતી રાજના પાયા સમાન આ વિષયોથી તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા.

તેઓએ પંચાયતી રાજના પરિચય અંગે પણ સેશન લીધું હતું. જેમાં તેઓએ પંચાયતી રાજનો ઉદભવ, એ પહેલાનો ઈતિહાસ, ભારતમાં પંચાયતી રાજનું મહત્વ અને બંધારણમાં પંચાયતી રાજના આગમન સમાન ૭૩માં બંધારણીય સુધારા વિશે સમજી શકાય તેવી પણ સ્પષ્ટ સમજૂતિ આપી હતી.



એ બાદ, તેઓએ પંચાયતના કાર્યો અને ફરજો વિશે તાલીમાર્થીઓને વિગતવાર માહિતી આપી હતી.

તાલીમ દરમિયાન એ પછીના સેશનમાં તાલીમાર્થીઓને ગ્રામસભા અને તેની રચના, તેનું મહત્વ અને તેના કાર્યો વિશે વિકાસ કમિશ્નર કચેરી, ગાંધીનગરના નિવૃત્ત ચીટનીશ શ્રી કે. જી. ભટ્ટ સાહેબે વિગતવાર માહિતી આપી હતી. તેમના અનુભવો વણી લઈને ભટ્ટ સાહેબે એ પછીના સેશનમાં તાલીમાર્થીઓને ગ્રામ પંચાયતની વહીવટી વ્યવસ્થા જેમાં બેઠક, ઠરાવો, સભ્યોના અધિકારો અને કાર્યો વિશે મુદ્દાસર સમજૂતિ રજૂ કરી હતી.

## દિવસ – ૨

તાલીમના બીજા દિવસે પંચાયતી રાજને લગતા અન્ય વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમ ગ્રામ પંચાયતની વિવિધ સમિતિઓ જેમાં કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, પાણી સમિતિ અને આરોગ્ય સમિતઓની જાણકારી સાથોસાથ આ સમિતિઓની ભૂમિકા અને કાર્યો વિશે પણ સમજૂતિ આપવામાં આવી હતી.



ગુજરાતમાં પંચાયતી રાજના લેખિત સાહિત્યનો પર્યાય બની ચૂકેલાં નિવૃત આઈ.એ.એસ. અધિકારી શ્રી બિપીનચંદ્ર વૈષ્ણવ દ્વારા લેવાયેલ આ સેશનથી તાલીમાર્થીઓને ખુબ જ ઉપયોગી જાણકારી મળી હતી.

તદ ઉપરાતં શ્રી વૈષ્ણવ સાહેબે સરપંચ અને ઉપસરપંચ તેમ જ પંચાયતના અન્ય સભ્યોની ફરજો, કાર્યો અને સતાઓ વિશે પણ વિસ્તૃત તેમ જ અધિકૃત માહિતી આપી હતી.

***શ્રી બિપીનચંદ્ર વૈષ્ણવ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં વિવિધ સરકારી વિભાગોમાં ઉચ્ચ પદે નોકરી કરી ચૂકેલા શ્રી વૈષ્ણવ સાહેબ ગુજરાતમાં પંચાયતી રાજ ક્ષેત્રના અગ્રણી નિષ્ણાંત તરીકે ખ્યાત છે. તેઓએ નિવૃતિ બાદ પંચાયતી રાજ ક્ષેત્રને કાગળ ઉપર ઉતારીને સમગ્ર ગુજરાતને ઉપયોગી એવું સાહિત્ય પૂરું પાડયું છે. તેઓએ ૫૦ થી વધું આ બાબતોમાં પુસ્તકો લખ્યા છે. નવાઈની વાત એ છે કે તેઓ બધું જ સાહિત્ય કોઈની પાસે લખાવવાને બદલે બધું જ જાતે લખે છે. તેઓ આજ સુધીમાં ૧૮૦૦૦ થી વધું પાનાઓ લખી ચૂકયાં છે.***

આર.જી.પી.એસ. એ યોજનાની વિસ્તૃત માહિતી આપી રહેલા વિકાસ કમિશ્નર કચેરીના ચીટનીશ મેઘનાબેન પરીખ



લંચ બ્રેક બાદ, તાલીમાર્થીઓને આર.જી.પી.એસ.એ. યોજના અને અને ટ્રેનીગમાં રાજય સરકારની અપેક્ષાઓ જણાવવા માટે તાલીમમાં વિકાસ કમિશ્નર કચેરીના ચીટનીશ મેઘનાબેન પરીખ ઉપસ્થિત રહયાં હતા. તેઓએ તાલીમ અંગે સરકારશ્રીની અપેક્ષાઓ અને યોજના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ બાદ, તાલીમાર્થીઓને રાજય સરકારની યોજનાઓ અને કેન્દ્ર સરકારની યોજનાઓ અને તેમાં પંચાયતોની ભૂમિકા વિશે માહિતગાર કરવા માટે વિકાસ કમિશ્નર કચેરીનાં હાલમાં જ નિવૃત થયેલાં શ્રી એસ.જી. સૈયદ સાહેબે તાલીમાર્થીઓને રસપ્રદ રીતે માહિતગાર કર્યા હતા. પોતાના રમૂજી સ્વભાવ વડે તાલીમાર્થીઓને માહિતી સાથે ગમ્મત પણ પૂરા પાડીને આનંદવિભોર કરી દીધા હતા.

એ બાદના સેશનમાં ગ્રામ પંચાયતના બજેટ, ગ્રામ પંચાયતની આવકના સાધનો, ગ્રાન્ટ અને નાણાપંચ, ગ્રામ પંચાયતની હિસાબી વ્યવસ્થા, ઓડિટ તેમ જ વાર્ષિક વહીવટી અહેવાલ અંગે વિકાસ કમિશ્નર કચેરીના નિવૃત ચીટનીશ શ્રી કે. જી. ભટ્ટ સાહેબે વિગતવાર માહિતી આપી હતી. એકદમ ટેકનીકલ વિષયોમાં પણ તેઓએ પોતાના વિવિધ સ્થળ–કાર્ય અનુભવો જોડીને વિષયને સહેલી રીતે સમજાવવાનો સફળ પ્રયાસ કર્યો હતો.

## દિવસ – ૩

ગત દિવસની તાલીમમાં શીખેલા મુદ્દાઓની લેખિત પરિક્ષા બાદ તાલીમના ત્રીજા દિવસે મહત્વની યોજનાઓ જેમ કે, મનરેગા, માહિતી અધિકારનો કાયદો તથા સોશિયલ ઓડિટ વિશે માહિતી આપવા તાલીમમાં નિવૃત સરકારી અધિકારી શ્રી કે. જી. ગોર સાહેબ ઉપસ્થિત રહયાં હતા. તેઓએ ખુબ જ ઝિણવટપૂર્વક માહિતી આપીને અનેક સંદર્ભો, વાસ્તવિક પરિસ્થિતિ રજૂ કરીને યોજનાઓનો પૂરતો ચિતાર રજૂ કર્યો હતો. તેઓએ એ બાદના સેશનમાં તાલુકા અને જિલ્લા પંચાયતની રચના, તેના સભ્યો, તેના કાર્યો વિશે પણ શ્રી ગોર સાહેબે વિગતવાર માહિતી આપી હતી. પોતાની આનંદપૂર્વકની શૈલીથી તાલીમાર્થીઓને સરળ રીતે માહિતી પીરસી હતી.

***શ્રી કે. જી. ગોર : તાલુકા વિકાસ અધિકારી તરીકે વર્ષો સુધી કામગીરી કરીને તેઓએ પંચાયતી રાજના માળખા અને તેના અનેક પાસાઓનો અનુભવ–જ્ઞાન હાંસલ કરેલ છે. નિવૃતિ બાદ પણ તેઓ પંચાયતી રાજ ક્ષેત્રમાં તાલીમ અને સંશોધનની બાબતમાં સક્રીય રહીને સ્પીપા, એસ.આઈ.આર.ડી. સહિત અનેક સરકારી–બિન સરકારી સંસ્થાનોમાં એક અચ્છા વિષય નિષ્ણાંત અને ટ્રેઈનર તરીકે કામગીરી કરી રહયાં છે.***



બપોર પછીના સેશનમાં તાલીમાર્થીઓને પંચાયતી રાજમાં મહિલાઓની ભૂમિકા અને સ્થિતિ તેમ જ આદિવાસી વિસ્તારોમાં પંચાયતી રાજની વિશેષતાઓ અંગે વિકલ્પ એન.જી.ઓ.ના સંચાલક શ્રી હિમાંશુભાઈ બેંકરે સરળ રીતે સમજૂતિ આપી હતી. શ્રી હિમાંશુભાઈ બેંકર વર્ષોથી આદિવાસી વિસ્તારોમાં 'પેસા કાયદો' અને પંચાયતી રાજ ક્ષેત્રે કામગીરી કરી રહયાં છે. તેઓ આ વિષયોમાં વિવિધ તાલીમો પણ આપતા રહે છે.

તાલીમમાં સતત ત્રણ દિવસ સુધી વિવિધ વિષયો અંગે માહિતી ગ્રહણ કર્યા બાદ હવે આ માહિતી કેવી રીતે રજૂ કરવી અને તાલીમમાં કેવી–કેવી બાબતોનું ધ્યાન રાખવા અને શું ન કરવું જોઈએ તે અંગે જાણીતા તાલીમકાર શ્રી તેજસભાઈ ઠાકરે તાલીમ આપવાની વિવિધ શૈલીઓ અંગે રસપ્રદ રીતે રજૂઆત કરી હતી.

તેઓએ તાલીમકારોને વિવિધ રમતો રમાડીને તે શીખવી પણ હતી.

***શ્રી તેજસભાઈ ઠાકર :*** *તેઓ સાદરા ગામ ખાતે આવેલ પંચાયતી રાજ તાલીમ સંસ્થાનના આચાર્ય તરીકે ફરજ બજાવી રહયાં છે. તેઓ પંચાયતી રાજના વિવિધ વિષયોના જાણકાર છે અને ટ્રેનીગ ટેકનોલોજી અંગે પણ જાણકાર તરીકે વિવિધ સંસ્થાનોમાં તાલીમો આપતાં હોય છે.*

## દિવસ – ૪



તાલીમના ચોથા દિવસે દરેક તાલીમાર્થીઓએ વિતેલા ત્રણ દિવસોમાં શીખેલાં વિવિધ વિષયો અંગે તાલીમકારોએ ખુદ તાલીમ આપી હતી. આ માટે દરેકને આગલા દિવસે એક–એક વિષય અને તે માટેનું સાહિત્ય આપવામાં આવ્યું હતું. જે વિશે તૈયારી કરીને પ્રસ્તેક પાસે તાલીમની પ્રેકટીસ કરાવવામાં આવી હતી. આ ટેસ્ટનું મૂલ્યાંકન કરવા માટે રમણા ગૃપનો સ્ટાફ અને અન્ય બે વિષય નિષ્ણાંતો પણ ઉપસ્થિત રહયાં હતા.

## દિવસ – ૫

તાલીમના છેલ્લા દિવસે તાલીમકારોને બાકી રહેતા બે વિષયો ઈ–ગ્રામ અને સૂક્ષ્મ સ્તરિય આયોજન વિશે પણ સમજૂતિ આપવામાં આવી હતી. દરમિયાન ત્રણ દિવસ તાલીમાર્થીઓએ આપેલી ટેસ્ટનું પરિણામ પણ વ્યકિતગત માર્કસ સાથે જણાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સ્થળ પર જઈને તાલીમકાર, કલસ્ટર કો–ઓર્ડીનેટર અને ડીસ્ટ્રીકટ કો–ઓર્ડીનેટર તરીકે પ્રસ્તેકની જવાબદારી શું–શું રહેશે તે વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. જેમાં રમણા ગૃપની ભૂમિકા, સ્થાનિક સરકારી કચેરીઓની ભૂમિકા વગેરે વિશે પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી.

ટ્રેઈનર અન્ય જવાબદાર વ્યકિત તરીકે પોતાના દિવસનું આયોજન કંઈ રીતે કરવું તે અંગે પણ વિગતવાર જણાવવામાં આવ્યું હતું. સાથોસાથ ટ્રેનીગમાં કેવા–કેવા પ્રશ્નો ઉદભવતાં હોય છે અને તેનો ઉકેલ કંઈ રીતે લાવવો તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત કેશ મેનેજમેન્ટ કેવી રીતે કરવું, રીપોર્ટસ કેવી રીતે બનાવવા, કેવી રીતે મોકલવા, રેકોર્ડ મેનેજમેન્ટ કેવી રીતે કરવું, લોજિસ્ટીકસની સાર–સંભાળ કેવી રીતે કરવી અને પોતાને સોંપાયેલ એસેટ મેનેજમેન્ટ કેવી રીતે કરવું તે અંગે વિગતવાર જણાવવામાં આવ્યું હતું.

આ રજૂઆત બાદ, પ્રત્યેક તાલીમાર્થીઓને વ્યકિતગત રીતે જણાવીને તેઓ પ્રસ્તૂત તાલીમ કરવા માંગે છે કે નહીં તેમ જ કરી શકશે કે નહીં તે જણાવવામાં આવ્યું હતું. ત્રણ દિવસ આપેલ પરિક્ષાના પરિણામ અને ચોથા દિવસે કરેલ પ્રેકટીસના આધારે આ દિવસે તાલીમકારોમાંથી પણ શ્રેષ્ઠ તાલીમકારોની પસંદગી કરવામાં આવી હતી. જેઓને તે માટેના કોન્ટ્રાકટસ પણ આપવામાં આવ્યા હતા.

પસંદ થયેલા તાલીમકારોને તાલીમ માટે જરૂરી કીટ જેમાં બેગ, સાહિત્ય, પેન ડ્રાઈવ, બોલપેન, ડાયરી, સોફટ મટીરીયલ્સ વગેરે આપવામાં આવ્યા હતા.

પાંચ દિવસની TOT માં હાજર રહેનાર તમામ તાલીમાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરીને રમણા ગૃપ દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો હતો. તેમ જ તેઓને આવવા–જવા માટે કરાયેલ ખર્ચ પણ રમણા ગૃપ દવારા આપવામાં આવ્યો હતો.

તમામ તાલીમાર્થીઓ પાસે પાંચ દિવસની ટ્રેનીગ અંગેનો પ્રતિભાવ લેવામાં આવ્યો હતો. જેમાં એક ફોર્મમાં તમામ તાલીમાર્થીઓને તાલીમના વિવિધ પાસાઓ અંગે પોતાનો પ્રતિભાવ લખવા જણાવવામાં આવ્યું હતું. જેનું વિવરણ આ સાથે બિડાણ – ૨ માં સામેલ છે.

## બિડાણ – ૧ : તાલીમમાં રોજ–રોજ લેવાયેલ ટેસ્ટનું પરિણામ


| Sr. No. | Name of Candidate | Day - 1 | | Day - 2 | | Day - 3 | | Total Marks | Total Acquired Marks | % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Total Marks | Acquired | Total Marks | Acquired | Total Marks | Acquired | | | |
| 1 | Kiran B. Baria | 15 | 5 | 13 | 8.5 | 14 | 7.5 | 42 | 21 | **50.0** |
| 2 | Ramesh J. Parmar | 15 | 7 | 13 | 4 | 14 | 7 | 42 | 18 | **42.9** |
| 3 | Pradip K. Patel | 15 | 7 | 13 | 11 | 14 | 8.5 | 42 | 26.5 | **63.1** |
| 4 | Nitin M. Rathod | 15 | 9 | 13 | 9 | 14 | 8 | 42 | 26 | **61.9** |
| 5 | Jahnavi P. Dave | 15 | 11 | 13 | 11 | 14 | 7 | 42 | 29 | **69.0** |
| 6 | Hitesh M. Mistry | 15 | 10 | 13 | 11.5 | 14 | 8.5 | 42 | 30 | **71.4** |
| 7 | Paresh H. Gothadiya | 15 | 9 | 13 | 5.5 | 14 | 6 | 42 | 20.5 | **48.8** |
| 8 | Ramesh L. Patoliya | 15 | 9 | 13 | 13 | 14 | 7.5 | 42 | 29.5 | **70.2** |
| 9 | Harsukhlal H. Pankhaniya | 15 | 10 | 13 | **Left the training** | | | | 10 | |
| 10 | Dilip S. Vasava | 15 | 9.5 | 13 | 9.5 | 14 | 7 | 42 | 26 | **61.9** |
| 11 | Rahesh Padvi | 15 | 9 | 13 | 10 | 14 | 5.5 | 42 | 24.5 | **58.3** |
| 12 | Nitish Sadh | 15 | 4.5 | 13 | 6 | 14 | 7.5 | 42 | 18 | **42.9** |
| 13 | Shishir D. Sant | 15 | 14 | 13 | 7 | 14 | 7 | 42 | 28 | **66.7** |
| 14 | Paresh Od | 15 | 13.5 | 13 | 11.5 | 14 | 8.5 | 42 | 33.5 | **79.8** |
| 15 | Rukshmaniben C. Chaudhari | 15 | 12 | 13 | 11 | 14 | 7 | 42 | 30 | **71.4** |
| 16 | Sitaben M. Chaudhari | 15 | 9.5 | 13 | 10.5 | 14 | 7.5 | 42 | 27.5 | **65.5** |
| 17 | Ketan R. Patel | 15 | 8 | 13 | 9 | 14 | 7.5 | 42 | 24.5 | **58.3** |
| 18 | Induben D. Vasava | 15 | 6.5 | 13 | 8 | 14 | 6.5 | 42 | 21 | **50.0** |

# બિડાણ – ૨ : તાલીમ અંગેની વિવિધ બાબતો અંગેનો તાલીમાર્થીઓનો પ્રતિભાવ


## ૨.૧ : તાલીમ કાર્યક્રમમાં સમાવિષ્ટ વિવિધ બાબતો–સુવિધા અંગેનો તાલીમાર્થીઓનો પ્રતિભાવ

| વિગત | સારું (%) | ખુબ સારું (%) | બરાબર (%) | ખરાબ (%) |
|---|---|---|---|---|
| ટ્રેઈનર્સ પસંદગી | 17.6 | 64.7 | 11.8 | 0.0 |
| ટ્રેનિંગ સંચાલન | 17.6 | 64.7 | 11.8 | 0.0 |
| ટેસ્ટ પધ્ધતિ | 35.3 | 41.2 | 5.9 | 0.0 |
| બેઠક, ભોજન, ચા–પાણી–નાસ્તો વગેરે | 35.3 | 47.1 | 11.8 | 0.0 |
| ઓફિસ સ્ટાફ | 11.8 | 82.4 | 0.0 | 0.0 |
| રોકાણ વ્યવસ્થા | 23.5 | 58.8 | 11.8 | 0.0 |
| અન્ય વિગત | 0.0 | 0.0 | 0.0 | 0.0 |

## ૨.૨ : તાલીમમાં ટ્રેઈનર્સની ટ્રેનીંગ શૈલી અને તેઓના વિષય પ્રભુત્વ અંગેનો તાલીમાર્થીઓનો અભિપ્રાય




– ઉપરોક્ત આંકડાઓ તાલીમાર્થીઓની સંખ્યા દર્શાવે છે.
– ચાર્ટમાં ત્રણ–ત્રણ પીલરોમાં પ્રથમ 'સારું', બીજો પીલર 'ઉતમ' અને ત્રીજો પીલર 'ઠીક' અંગેનો પ્રતિભાવ દર્શાવે છે.




– ઉપરોક્ત આંકડાઓ તાલીમાર્થીઓની સંખ્યા દર્શાવે છે.
– ચાર્ટમાં ત્રણ–ત્રણ પીલરોમાં પ્રથમ 'સારું', બીજો પીલર 'ઉતમ' અને ત્રીજો પીલર 'ઠીક' અંગેનો પ્રતિભાવ દર્શાવે છે.

**વિશેષ પ્રતિભાવ :**

- પગાર, પોસ્ટિંગ વગેરેની જાણ અગાઉથી થઈ હોત તો સારું થાત.
- તાલીમાર્થીઓની પસંદગી જાણીને ભોજન–નાસ્તો લવાતો હતો તે ખુબ ગમ્યું.
- ભોજનમાં સમય જળવાતો ન હતો.
- ટ્રેનીગનો સમય ખુબ જ વધારે હતો. જે ઓછો થવો જોઈએ.
- રમણા ગૃપને સૂચન આપવાની જરૂર નથી, તેના મેનેજમેન્ટમાંથી ઘણું શીખવા જેવું છે.
- ટ્રેનીગ પાંચ દિવસ કરતાં પણ વધું હોવી જોઈએ. તથા તાલીમાર્થીઓને મટીરીયલ્સ તાત્કાલિક મળી જવું જોઈતું હતું.
- રહેવાની વ્યવસ્થાથી ટ્રેનીગ સ્થળ દૂર હતું. જે નજીક હોવું જોઈએ.

**અગત્યની નોંધ :**

– બધા જ ફીડબેક ફોર્મ તાલીમાર્થીઓના સીલેકશન, પોસ્ટીગ અને પગાર અંગેની જાહેરાત બાદ જ તાલીમાર્થીઓને આપવામાં આવ્યા હતા. જેથી ઉપરોક્ત અભિપ્રાયો સારી–ખરાબ લાગણીઓથી પ્રભાવિત ન થાય અને નિષ્પક્ષ રીતે વ્યક્ત થઈ શકે.

– રમણા ગૃપ દ્વારા ફીડબેક ફોર્મમાં ઈરાદા પૂર્વક જ એક ટ્રેઈનર (વિષય નિષ્ણાંત) નું નામ લખવામાં આવ્યું ન હતું. તો પણ તમામ તાલીમાર્થીઓએ સામેથી ફોર્મમાં તે વિષય નિષ્ણાંતનું નામ લખીને તેમના અંગે પોતાનો પ્રતિભાવ લખ્યો હતો.